






વારસાઇ હિસાબ સરભર, તુલા થઇ ગઇ!
થયાં લેણાં વસૂલ, શહીદીની - તુલા થઇ ગઇ!
તુલા થઇ ગઇ, ચૌદ-ચૂંટણીનાં લેખાંજોખાં ની -
રાહુલ-સામે રાજનાથ રાશિ તુલા થઇ ગઇ!

કરશે સ્પીન!
કટાક્ષ વાણી દ્વારા
બાપુ - 'બોલીં'ગ!

વિંઝાસે બેટ
હવે ચોગ્ગા-છગ્ગાથી -
કેશુભાઇનું..

(કરશે 'આઉટ' એમ્પાયર શ્રી વાળા)




## ચિંતન

હંન્તું મેષોઅપસરતિ મૃગેન્દ્રઃ સંકુચત્યપિ ॥
બુધ્ધિમન્તાઃ સહન્તે ચ નિધાય હૃદિ કિંચન ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક - બુધ્ધિમાનો અને મૂર્ખ વચ્ચેનો તફાવત સમજાવે છે :

'મારવા માટે ઘેટો-બકરો તરત જ અચાનક હુમલો કરી નાખે છે પરંતુ સિંહ મારતાં પહેલાં, તરાપ મારતાં પહેલાં અનેક વિચાર કરી, સંકોચ કરીને, પછી જ હુમલો કરે છે, ખરેખર, બુધ્ધિશાળી 'માણસો' પૂર્વાપરનો વિચાર કરીને જ નિર્ણય લે છે અથવા સહન કરે છે હૃદયથી વિચારીને જ આગળ વધે છે.'

કેટલાંક લોકો ખોટાં સાહસ કરે છે વિચાર્યા વિના, પરિણામની ચિંતા કર્યા વિના પોતાના બોલવાના આઘાત-પ્રત્યાઘાતનો વિચાર કર્યા વિના, કોઇ પણ ધંધા-સાહસ-વાત-વિવાદમાં કૂદી પડે છે પછી ચિંતા-દુખ - કે પરિતાપનો ભોગ પણ બને છે. અવિચારી અને ઉતાવળિયા લોકો આગળ-પાછળનો વિચાર કર્યા વિના કૂદી પડતા હોય છે એક બમણા-તમણાં નાણા બનાવવા, સસ્તું સોનું લેવા માટે, ઘર-ખેતર વેંચી પૈસા રોકનારા પછી પશ્ચાતાપ કરે છે.

અહીં અનુરૂપ દૃષ્ટાંત આપતાં કહ્યુ છે ઘેટા વિચાર્યા વિના હુમલો કરે છે સિંહ જેવો બળવાન પણ હમલો કરતાં પહેલા વિચારે છે.

## સુવિચાર

- માત્ર ધર્મગ્રંથો કે શાસ્ત્રો વાંચીને ઇશ્વરને જાણવો એ તો એવી વાત છે કે જેને નકશામાં જોઇ 'બનારસ'નું વર્ણન-વિવરણ કરવું - **રામકૃષ્ણ પરમહંસ**
- તમે પરમેશ્વરને ભલે જાણતા ન હો, પરંતુ ઓછામાં ઓછું તેના લક્ષણો તો જાણો - **અલ હબાજ**
- લાખો દીન-દુખીના હૃદયમાં ઇશ્વર બિરાજમાન છે હું એનાં સિવાય કોઇ ઇશ્વરને માનતો નથી, આવાં લોકોની સેવા દ્વારા જ હું ઇશ્વર પૂજા કરૂં છું - **ગાંધીજી**
- પરમાત્માને જાણવા પહેલાં પોતાની જાત ને જાણો - **સ્વામી રામદાસ**
- ઇશ્વર જેને બહુ પ્રેમ કરે છે એને દુખ પણ વધારે આપે છે - **બાઇબલ**
- હે ઇશ્વર, મારી પ્રાર્થના છે કે હું જાતે અંદરથી સુંદર થાઉં - **સુકરાત**
- ઇશ્વર દૈવી સત્તા છે, એમાં સત્ય, સ્નેહ, જ્ઞાન, સૌંદર્ય અને શક્તિનો સમાવેશ છે - **ડો. રાધાકૃષ્ણન્**

## બોધ કથા

સુવિચારો, સારૂં વાંચન, સારી મૈત્રી, સત્સંગ-સ્વાધ્યાય એ સારા સંસ્કારનાં 'બીજ' છે આ જન્મમાં એ બીજ નહીં ફળે તો પણ આવતાં જન્મોમાં ક્યારેક ને ક્યારેક એને અંકૂર ફૂટશે..

(રીડર્સ ડાયજેસ્ટ-માંથી સાભાર)

બે-ત્રણ હજાર વરસો પહેલાં ઓસ્ટ્રેલિયામાં રણ વિસ્તારમાં અતિવૃષ્ટિ થઇ અને રણમાં સરોવર ભરાઇ ગયું. ફરી ઘણાં વર્ષ વરસાદ ન થયો અને રણ, રણ થઇ ગયું. ફરી કેટલાંક વરસો બાદ એવો જ વરસાદ થયો, કેટલીક જગ્યાએ મોટાં-મોટાં તળાવો થઇ ગયાં... એટલું જ નહીં એમાં નાની-મોટી માછલીઓ પણ તરવા લાગી.

લોકો અને વૈજ્ઞાનિકોને પણ આશ્ચર્ય થયું કે કોઇ દૂરનાં સ્રોત વિના આવેલાં વરસાદી પાણીમાં માછલીઓ આવી ક્યાંથી?

સંશોધકોએ અભ્યાસ કર્યો, સૂકાં રણનાં નમૂના લીધા અને તારણ મળ્યું, પહેલાં હજાર વર્ષો પહેલાં આ રણ દરિયો કે સરોવર હશે અને એમાં માછલીઓએ મૂકેલાં ઇંડા સૂકાઇને પડ્યાં હતા. તે ફરી અનુકૂળ વાતાવરણ-સંજોગો મળતાં સજીવન થયાં અને ફળ્યાં, માછલી બની.

પહેલાં બીજમાં આ તાકાત છે. ઉત્તમ બીજ વાવ્યાં હશે તો ક્યારેક તો જરૂર ફૂટશે જ.

# આનંદનો ડોળ કરવામાં આપણે સૌ માહેર છીએ પણ અંતરની અંગત વાત છૂપી નથી, તેમ છતાં કોઇની વાત બહાર પર પાડતા નથી, કારણ કે આ રંગમંચ ઉપર ઘટનાઓ ભલે જુદી ભજવાય, દરેક પાત્રના સંવાદો ભલે અલગ હોય, દૃશ્યોમાં અલગતા હોવા છતાં અંત એક જ છે

**શ્રુતિ બંધનમ્**
**- ડો. બ્રિજ**

વેદમાં હોમા પંખીની વાત છે. એ પંખી ખૂબ ઊંચે આકાશમાં રહે છે. આકાશમાં જ એ ઇંડુ મુકે. એ ઇંડુ નીચે આવતું જાય. પણ એટલે બધે ઊંચે હોય કે ઘણાય દિવસ સુધી તે નીચે ઊતર્યા કરે. એમ નીચે ઉતરતા ઇંડુ વચમાં જ સેવાઇને ફૂટી જાય. એટલે તેમાંથી નીકળેલું બચ્ચું નીચે જમીન પાસે આવતાં સુધીમાં તેની આંખો ઊંઘડે અને પાંખો ફૂટે. આંખો ઊંઘડતાં તરત જ પંખી, પોતાની મા તરફ સીધું દોટ મૂકે અને ઊંચે ચડી જાય. કેવી અદ્‌ભૂત વાર્તા છે...! કેટલીક વાતો માન્યામાં ન આવે છતાં આનંદ તો જરૂર કરાવે...! અને આમેય આ સૃષ્ટિમાં અશક્યને શક્યતામાં ફેરવવાં અનેક મથામણો થઇ છે. ખેર એ મુદ્દો બાજુ પર મૂકીએ...!

હોમા પંખી વળીને પાછું 'મા' ની શોધમાં નીકળી પડે છે, ઊડે છે એવો અંત માનવ મનને પણ એટલો જ સ્પર્શે છે. આપણી અનેક ગતિઓમાં એક ગતિ નિશ્ચિત છે... 'મા' ને ખોળવાની. કુદરતને ખોળવાની. ગમતી એકાદ વ્યક્તિનો શોધવાની. અનેક યાતનાઓ - સમસ્યાઓ પછી વ્યક્તિને અંગત હૂંફની જરૂર પડે છે. અને જીવનની પહેલી ઊડાન વખતે તો 'મા' નો સથવારો જ જોઇએ. જીવનમાં દરેક વ્યક્તિ પ્રગતિને દેખાડવા આનંદને વહેંચવા 'મા' સિવાય પણ અન્ય સથવારા શોધે છે. તેમની વચ્ચે એ હાશકારો અનુભવે છે, આનંદ અનુભવે છે. સર્વ સુખો ત્યજી દીધા હોય તેમ ફક્ત એ સથવારામાં આનંદમયમ્ બની રહે છે...!! માણસ તરીકેની ખરી ભૂમિકા એ વેળાએ રચાય છે.

સમગ્ર જિંદગી અનેક કર્મોથી ભરાઇ ગયેલી છે, પ્રશંસા - કીર્તિના સંકજામાં બંધાઇ ગઇ છે, રૂટીન વ્યવહારોમાં વટલાઇ ગઇ છે. જિંદગી ખરેખરા માણસને ખોળતી હશે...! કહેવાય છે આપણે ઇશ્વરનું સર્જન છીએ, ઇશ્વરનું સંતાન છીએ. તો પીડા-યાતના વગેરે કેમ? મને એવું સમજાય છે કે પીડા-યાતનામાંથી ખરેખરો ઇન્સાન ખડો થાય છે. જેને દુનિયા નાયક - મહાનાયક - સફળ પુરૂષ વગેરેનાં સન્માનો આપે છે. પીડામાંથી માણસ ઊભો થાય છે. હોમા પંખીની જેમ પીડામાં જન્મ અને ડરમાં જ ઉડવાનું... પરંતુ મેળાપ 'મા'નો છે એ વાત ખરેખર સુખમયી છે. મેળાપ માટે ઉડવાનું...! બસ, ઉડવાનું...!

કૃષ્ણ જન્મથી યાતનાઓનાં સંકજામાં હતા. રામની યાતનાઓથી આપણે ક્યાં અજાણ છીએ? એટલે જ કદાચ અશક્યમાંથી શક્ય, અભાવમાંથી ભાવ, યાતનામાંથી આનંદ અને સમસ્યાઓમાંથી સમાધાન પેદા થયાં હશે. વિજ્ઞાનની અનેક શોધો પણ આ ક્રમને કારણે જ શક્ય બની છે. મનુષ્ય શ્રધ્ધા અને વિશ્વાસના બળે શક્યતાઓમાં વધારો કરતો રહ્યો છે. હજ્જારો વર્ષે પહેલાં માનવ જીવન અને આજના સમયની તુલના આપણી સામે જ છે. કેટલાંક ઇતિહાસ તત્ત્વો - પુરાવાઓ તેનાથી આપણે વાકેફ કરે જ છે. અનેક પીડાઓ પછી અનેક જરૂરિયાતો પેદા થઇ અને આજે આપણે સગવડતા ભર્યું જીવન જીવી રહ્યા છીએ. સગવડતાઓમાં પણ આપણી હાલત કેવી છે? એ આપણું અંગત કહેવાય, તેમાં પડતો નથી. ફક્ત પડતાં - ઉઠતાં, ચાલતાં - દોડતાં, ગાતાં-રમતાં આપણે જીવી રહ્યાં છીએ. આપણી ચાલ પણ પેલા હોમા પંખીને હૂબહૂ મળતી આવે છે. આપણે બેસતાં, ઊભાં થતાં, ખાતા-પીતાં, ચાલતાં-દોડતાં કેમ રહેવું એ પાઠ શીખ્યા જ કરીએ છીએ. આપણી ઉડાન પણ મંજિલે પહોંચી નથી. માનવ જીવન મૃત્યુ સુધી જ છે. એટલે મૃત્યુ પર્યંત આપણી ઊડવાની - શોધવાની બાબત ચાલુ જ રહેવાની...! ચાલુ જ...!

મનુષ્યને વસ્તુ પ્રાપ્તિનો આનંદ હોય તેનાં કરતાં ગમતી વ્યક્તિની હૂંફની પ્રાપ્તિનો આનંદ વધારે હોય છે. ખરેખર આપણને ભૌતિકતાથી બધું જ સુખ મળતું નથી. ક્ષણિક આનંદ બાદની અકળામણ થાય ક્યાં સુધી? હોમા પંખીની જેમ મા'થી છૂટા પડ્યાથી ફરીથી મેળાપ થાય ત્યાં લગી...! દરેક વ્યક્તિ જન્મે છે, ઊભો થાય છે, ભણે-ગણે, ઊંચે ઊઠે છે... માનનીય બને છે, લક્ષ્મી વૈભવ, સુખ સગવડતાઓથી ભર્યું ભર્યું જીવન જીવે છે. તેને અંગત રીતે આ સ્થૂળ વસ્તુઓ - નાશવંત ચીઝોથી ધરાપો નથી ખાલીપો વર્તાય છે. આનંદનો ડોળ કરવામાં આપણે સૌ માહેર છીએ પણ અંતરની અંગત વાત છૂપી નથી. તેમ છતાં કોઇની વાત બહાર પર પાડતા નથી. કારણ કે આ રંગમંચ ઉપર ઘટનાઓ ભલે જુદી ભજવાય, દરેક પાત્રના સંવાદો ભલે અલગ હોય, દૃશ્યોમાં અલગતા હોવા છતાં અંત એક જ છે. સુખ - આનંદ - પ્રાપ્તિ - અનુભૂતિ વગેરે વગેરે...! કુદરતની કેવી કરામત છે. દરેક પાત્રો બેવડાતાં નથી છતાં એક જ પ્રકારની પ્રાપ્તિથી ખુશી મેળવે છે. જ્ઞાન કર્મ અને ભક્તિમાં જ આપણાં તમામ કાર્યો સમવિષ્ટ છે. આપણી દોડ પણ કંઇક આ જ માર્ગે છે. કોઇ જ્ઞાનથી આનંદિત થાય, કોઇ વળી ભક્તિથી, અને કર્મનાં બંધનો તો ખરાં જ ખરાં.

ફરીથી પાછી એ વાર્તા હોમા પંખીની...! એક અજાણ્યું બુંદ ઇંડુ બને, પંખી બને તેને વળી પાંખો મળે અને ઉડે...! ખૂબ ઉડે, ઘણું બધું પ્રાપ્ત કરી લે આ ઉડાનમાં ને ઉડાનમાં. છતાં હૂંફના બંધનમાં ઉડ્યા જ કરે...! ખરેખરા, પ્રેમનાં બંધનમાં જાતે કરીને પડવા મથ્યા કરે...! દુનિયા કહે છે પ્રેમ પીડાકર છે છતાં એ પીડા સૌને ગમે છે. કારણ આગળ કહ્યા પ્રમાણે પીડામાંથી જ ખરેખરૂં મનુષ્યત્વ પ્રગટે છે. જે લાખોમાં નોખા વ્યક્તિ તરીકેની ઓળખ અપાવવા કારણભૂત બને છે. ચાલી ચેપ્લીનની વાત સૌ જાણે છે. જગતને હસાવવા પાછળ કેટલી યાતનાઓ હતી. નોખા પ્રકારની રીતે જીવન વહે તો સમજવાનું આપણે નસીબદાર છીએ, કુદરતના કૃપાપાત્ર છીએ. થોડું કે વધારે કશુંક સારૂં કરાવવા હું નિમિત્ત બનતો રહીશ. વધારે પડતી તડપ કંઇક સારા માટે પણ હોઇ શકે. લોઢું વધારે તપે તો જલદી ધાર્યો આકાર પામી શકે. ખારાશ ભરેલા દરિયાને સૂર્ય વધારે તપવે તેમ અમી વાદળાઓ વધારે બંધાય. એટલે જ તકલીફો વધે, સમસ્યાઓથી ઘેરાઇ જવાય, રસ્તાઓ બંધ થઇ જાય, જીવ મનોમન મૂંઝાય, અતિ પીડા સાથે પનારો પડે પછી એક જ્યોતિ પ્રગટે જે આપણને દોરી જાય... એ રસ્તે આપણે ચાલ્યા જ જઇએ...! દુનિયામાં દરેક વ્યક્તિ માટે આમ જ બનતું રહ્યું છે. પરંતુ પછી એ પ્રાપ્તિને આપણે આપણી - મારી એવું લેબલ મારી દઇએ. એક વડીલ મિત્રે મને સરસ કહેલું : 'બધી સીડીઓ (માનવો) રાઇટ થઇને જ આવી છે. આતો સીડીમાં નવો પ્રોગ્રામ કે મેટર ખૂલે એમ આપણી આંખો પહોળી થાય...! અરે, ભાઇ આ બધુ જ સ્વાભાવિક રીતે જ બનતું રહે છે. એકમાત્ર દોરી સંચાર એ દુનિયાનાં ધણીનાં હાથમાં છે. જુઓ હોમા પંખી ઇંડા રૂપે ફેંકાયા પછી પંખીરૂપે ફરીથી આકાશે જ ઊડે છે... તેની માને મળે છે...!'

મને એમ થાય આપણું કોચલું હજું ફૂટ્યું છે કે કેમ? હજુ આપણે લટકતાં છીએ? કે બહાર આવવાનું થયું છે? કે ઉડવાનું શરૂ થયું છે? કે માનો મેળાપ થયો છે? આ ચાર લીટીની વાર્તામાં જન્મ - કર્મ - જીવન - પ્રેમ છે ત્યાં સુધી પહોંચવાની જ હોડ જામી છે. અજાણતાં એવું નથી લાગતું કે આ આપણી જ વાર્તા છે...!

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૫મી જાન્યુઆરી**

- પ્રખર દેશભક્ત, બંગભંગની ઘટનામાં સક્રિય, ભારતનીતિ, ભક્તિયોગ, કર્મયોગ, દુર્ગોત્સવ તત્વ જેવી સાહિત્યકૃતિઓનાં સર્જક, અશ્વિનકુમાર દત્તની જન્મજયંતિ.
- ગિજુભાઇ પછી સમર્થ બાળસાહિત્ય આપનારા રમણલાલ સોનીનો જન્મ ૨૫-૧-૧૯૦૮. રંગ રંગ વાદળિયા, રીંછ એકલું ફરવા ચાલ્યું, પ્રસિદ્ધ કૃતિઓ, 'કાબુલીવાળા'નો અનુવાદ કર્યો. વાર્તા, પરીકથા, સાહસકથાના સર્જક, અનુવાદક.
- ૧૯૧૫ - એલેકઝાંડર ગ્રેહામ બેલ, ૪૭૪૦ માઇલનો (ન્યુયોર્કથી - સાન ફ્રાન્સિસકો) સુધીનો ટેલિફોન સ્થાપી રેકર્ડ બનાવ્યો.
- ૧૯૭૧ - હિમાચલ પ્રદેશ - ભારત નામનું નવું રાજ્ય બન્યુ.



- ૧૮૭૪ - અર્વાચીન ટૂંકી વાર્તાના પ્રણેતા - વિલિયમ સામરસોટ મોમનો જન્મ.
- ૧૮૬૨ - આર્ય મહિલા સમાજના સ્થાપક - લેખિકા કૈસરે હિન્દ બનનાર રમાબહેન રાનડેનો જન્મ.

# અમેરિકા અને જાપાનના વૈજ્ઞાનિકોએ અતિ દૂરની કેટલી આકાશગંગાઓની શોધ કરી છે?

### વિષય : વિજ્ઞાનજગત

(૧) પૉલર સેટેલાઇટ લોંચ વ્હિકલ મારફતે કઇ સાલમાં ઓનસેટ-૨ અંતરિક્ષમાં મૂકવામાં આવ્યું છે?
(અ) ૨૦૦૫ (બ) ૨૦૦૭ (ક) ૨૦૦૯ (ડ) ૨૦૧૦
(૨) ભારતે કઇ ટેકનોલોજી વિકસાવી છે જેના આધારિત ભારતીય સેનાના વિમાન હવે રડાર પરથી અદશ્ય થઇ જશે?
(અ) સ્ટિલ્થ ટેકનોલોજી (બ) સ્પીડ ટેકનોલોજી
(ક) સ્પિરીટ ટેકનોલોજી (ડ) સ્પિલ્ટ ટેકનોલોજી
(૩) સ્ટિલ્થ ટેકનોલોજીના મટિરીયલ્સને એક ખાસ પ્રકારના રંગમાં ભેળવીને જો વિમાન પર કેટલાં મિલિમીટરથી પણ ઓછા વ્યાસનું કોટિંગ કરી દેવામાં આવે તો વિજ્ઞાન રડાતને માત કરવામાં સફળ થાય છે?
(અ) ૦.૧ (બ) ૦.૩ (ક) ૦.૫ (ડ) ૦.૭
(૪) ભારતમાં સ્ટિલ્થ ટેકનોલોજી ઉપર કેટલાં વર્ષોથી કાર્ય ચાલી રહ્યું હતું?
(અ) દસ (બ) આઠ (ક) બાર (ડ) બે
(૫) અમેરિકા અને જાપાનના વૈજ્ઞાનિકોએ શોધેલ આકાશગંગાની ઉત્પત્તિ બિગબેંગના કેટલા કરોડ વર્ષ પછી થઇ છે?
(અ) ૭૮.૭ (બ) ૬૦.૨ (ક) ૫૦.૮ (ડ) ૯૮.૨
(૬) ભારતનાં કયાં ઉપગ્રહના ઉપયોગ માટે નાસાની ઇસરો સાથે સમજૂતી કરી છે?
(અ) ઓનલ-૧ (બ) ઓનસેટ-૪
(ક) આર્ગેન-૨ (ડ) ઓનસેટ-૨
(૭) કાર્બન ડાયોકસાઇડના ઉત્સર્જનને નિયંત્રણમાં લેવામાં નહીં આવે તો સમુદ્રજળનું સ્તર કેટલા મીટર વધી જશે?
(અ) ૪ મીટર (બ) ૫ મીટર (ક) ૬ મીટર (ડ) ૧૦ મીટર
(૮) બ્રિટીશ એન્ટાર્કટિકાના સર્વે મુજબ વાતાવરણમાં જયારે $CO_2$ નું પ્રમાણ વધે તો એન્ટાર્કટીકાના તાપમાનમાં કેટલાં ડિગ્રી સેલ્સિયસમાં વધારો થશે?
(અ) ૨ ડિગ્રી (બ) ૪ ડિગ્રી (ક) ૬ ડિગ્રી (ડ) ૧૨ ડિગ્રી
(૯) અમેરિકા અને જાપાનના વૈજ્ઞાનિકોએ અતિ દૂરની કેટલી આકાશગંગાઓની શોધ કરી છે?
(અ) ૧૦ (બ) ૨૨ (ક) ૨૮ (ડ) ૩૨
(૧૦) અમેરિકામાં આલ્બર્ટ આઇન્સ્ટાઇન કૉલેજ ઑફ મેડિસિનની એક આંતરરાષ્ટ્રીય ટીમે કેટલાં વર્ષ સુધી દીર્ઘાયુ બનાવનારા જીન્સની શોધ કરી છે?
(અ) ૯૦ (બ) ૧૦૦ (ક) ૧૨૦ (ડ) ૧૧૦
(૧૧) સેલ્ફ સસ્ટેઇનિંગ ફયુઝન માટે સૂર્યની મધ્ય હોય તેનાથી અતિ અંતિમ જેવી સ્થિતિ જોઇએ જેમાં તાપમાન કેટલા મિલિયન સેન્ટિગ્રેડ જેટલું હોય છે?
(અ) ૮૦ (બ) ૫૦ (ક) ૧૦૦ (ડ) ૨૦૦
(૧૨) તાપમાન તથા $CO_2$ માં વૃધ્ધિની સૌથી વધુ અસર કયા પાક પર થાય છે?
(અ) જુવાર (બ) મકાઇ (ક) ઘઉં (ડ) બાજરી
(૧૩) સૂર્યના કેન્દ્ર જેટલી પ્રચંડ ગરમી ઉત્પન્ન કરવાના પ્રયોગમાં કેટલા માળના NIF બિલ્ડીંગમાં લેસર ગોઠવાયા છે?
(અ) ૫ (બ) ૧૦ (ક) ૧૨ (ડ) ૨૦
(૧૪) ઇસરોના અહેવાલ પ્રમાણે ૧૯૬૨થી ૧૦ સબ બેઝિન્સમાં ૧૩૧૭ ગ્લેસિયસ વિસ્તારમાં સમગ્રયતા ઘટાડો ૫૮૬૬ ચો. કિ.મી.થી ઘટીને કેટલા ચો.કિ.મી. થયો હતો?
(અ) ૧૯૨૧ (બ) ૨૯૨૧ (ક) ૩૯૨૧ (ડ) ૪૯૨૧
(૧૫) સૂર્યના કેન્દ્ર જેટલી પ્રચંડ ગરમી ઉત્પન્ન કરવાનો પ્રયોગ એ કયાંના વૈજ્ઞાનિકો કરી રહ્યાં છે.
(અ) યુ.એસ. (બ) યુ.કે. (ક) ભારત (ડ) જાપાન




### ● વિવિધા ●

વિષય :- વિશ્વમાં સૌથી મોટી કંપનીઓ
કંપની, દેશ અને આવક

- જનરલ મોટર્સ (અમેરિકા) : **૧૬૩.૩૭ (અબજ ડોલર)**
- ફોર્ડ મોટર (અમેરિકા) : **૧૪૬.૯૯ (અબજ ડોલર)**
- મિત્સુઇ (જાપાન) : **૧૪૪.૯૪ (અબજ ડોલર)**
- મિત્સુબીસી (જાપાન) : **૧૪૦.૨૦ (અબજ ડોલર)**
- ઈત્તોયુ (જાપાન) : **૧૩૫.૦૩ (અબજ ડોલર)**
- મરૂબેની (જાપાન) : **૧૨૪.૦૩ (અબજ ડોલર)**
- રોયલ ડચ શૅલ (બ્રિટન-નેધરલેન્ડ) : **૧૨૮.૧૩ (અબજ ડોલર)**
- એકસોન (અમેરિકા) : **૧૧૯.૦૪ (અબજ ડોલર)**
- સુમીટોમો (જાપાન) : **૧૧૯.૨૪ (અબજ ડોલર)**
- ટોયોટો મોટર (જાપાન) : **૧૦૮.૭૦ (અબજ ડોલર)**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - પાકિસ્તાનમાં કયા ધાર્મિક નેતાએ સંસદ ઘેરાવનો કાર્યક્રમ આપીને સરકારને બાનમાં લીધી છે?
જવાબ - તેહરિક મિન્હ ઉલ કુરાનનાં વડા - તાહીરૂલ કાદરી

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) ગોમતીબેન કે. પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) નટુભાઇ દરજી : પેથાપુર
(૫) મહેશ. એમ. જાદવ : સાદરા, વિદ્યાપીઠ
(૬) નિકુંજ ડી. પટેલ : સે-૨૩

### ● પૂછું એક સવાલ...?

(૧) વ્યાસ મિત બી. : સે-૨૪થી
પ્રશ્ન - ગેટવીક એરપોર્ટ કયાં આવેલું છે?
જવાબ - લંડનમાં (હીથ્રો અને ગેટવીક)
(૨) પટેલ તન્મય.એચ : સે-૨૬થી
પ્રશ્ન - વિશ્વનો સૌથી મોટો ટાપુ કયો છે?
જવાબ - ઓસ્ટ્રેલિયા
(૩) કુંદન એમ. સોની : સે-૨૮થી
પ્રશ્ન - સ્પેનીશ ભાષા બોલનારની સંખ્યા કેટલી છે? અને કયાં બોલાય છે?
જવાબ - ૩૭ કરોડ લોકો સ્પેનીશ બોલે છે, સ્પેઇન અને લેટિન અમેરિકામાં બોલાય છે?

(અનુસંધાન પાના નં. ૬ પર)

### 'વજદેહ - પુષ્પ જેવું હૃદય'

**"સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મેં હૈ ॥"**

આ અમરગીતના લેખક અને પ્રખર ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મીલ કે જેમણે અંગ્રેજ સલ્તનતનું સિંહાસન હમચમાવી કાઢ્યુ. તેમને ફાંસી આપવાનો હુકમ થઇ ચૂક્યો હતો. આગલા દિવસે આખરી મુલાકાત માટે ગોરખપુરની જેલમાં કેદી રામપ્રસાદને મળવા તેમનાં મા આવ્યાં. માતા પોતાના વીર અને લોખંડી તાકાત ધરાવતાં પુત્રને ઓળખતી હતી; જેણે શક્તિશાલી અને નિર્દય બ્રિટીશ સરકારને




નાકે દમ લાવી દીધો હતો. રામપ્રસાદની સાથે અનેક દેશપ્રેમી યુવાનો ગુલામ રહેવાને બદલે લડતાં લડતાં ખપી જવા તત્પર હતા.

ત્યારે માતાના શબ્દો સંભલાયા - "તું કેમ રડે છે? મને એમ કે મારો પુત્ર સાહસિક છે, અંગ્રેજોને કંપાવવા એનું નામ પૂરતું છે."

આ સાંભળી રામપ્રસાદે કહ્યું,

"ના, મા તારો પુત્ર નીડર જ છે. આ તો માના પ્રેમ માટેનાં આંસુ છે. છેલ્લીવારે મારી સામે હસીને વિદાય આપી દે."

આવા હતા અમર શહીદ રામપ્રસાદ બિલ્મીલ૧ શરીર લોખંડ અને હૃદય પુષ્પ જેવું કોમળ.

ભારતની સ્વતંત્રતાની તમન્ના દિલમાં લઇ હસતાં મોઢે ફાંસીનાં માંચડે ચઢી ગયા.

**બાળ મિત્રો,**

આવતીકાલે ૨૬મી જાન્યુઆરી - પ્રજાસત્તાક દિન છે ત્યારે આપણાં રાષ્ટ્રીય પ્રતિકો વિશે થોડું જાણીએ. ઘણા વીર સૈનિકોની શહીદી પછી આપણને આઝાદી મળી છે ત્યારે એ સૌની વિરતાને અને દેશભક્તિને વંદન કરીએ.

## ॥ આપણો રાષ્ટ્રીય મુદ્રાલેખ ॥

### "સત્યમેવ જયતે"




રાષ્ટ્રીય મુદ્રાલેખ નાનું વાક્ય કે શબ્દ સમૂહ હોય છે. તેમાં રાષ્ટ્રનાં લક્ષ્યો અને માન્યતાઓ વ્યક્ત થાય છે. દરેક નાગરિકની ફરજ છે કે રાષ્ટ્રીય મુદ્રાલેખને અનુસરીને વર્તન કરે.

ભારતનો રાષ્ટ્રીય મુદ્રાલેખ છે 'સત્યમેવ જયતે' તેનો અર્થ થાય છે - "સત્યનો જય થાય છે." આ શબ્દો મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવ્યા છે. તે ઉપનિષદ ૫૦૦૦ વરસ કરતાં વધારે પ્રાચીન છે. અનુભવે શીખવી દીધું છે કે છેતરપીંડીથી ભ્રામક સફળતા અને લાભો લાવી શકાય છે. પણ માત્ર સત્ય અને ભલાઇ જ અંતે સાચી સફળતા અને શાંતિ તરફ દોરી જાય છે.

### "આપણું રાષ્ટ્રીય ફૂલ"


કમળ એ સૌથી પ્રાચીન ભારતીય પવિત્ર પ્રતિકોમાંનું એક છે. દિવ્યતા, ઉત્પાદકતા, જ્ઞાન, સૌંદર્ય; મનની તથા હૃદયની શુધ્ધતાનું પ્રતિક છે.



કવિઓ અને સંતો દેવાનાં સૌંદર્યનું વર્ણન કરે છે. તેમાં કમળનો સવિશેષ ઉલ્લેખ કરે છે. હિંદુ દેવશાસ્ત્રમાં ઘણાં દેવ-દેવીઓને કમળ પર બેઠેલાં વર્ણવવામાં આવ્યાં છે. બૌધ્ધ ધર્મમાં પણ કમળને પવિત્ર ફૂલ માનવામાં આવ્યું છે.

### આપણો રાષ્ટ્રધ્વજ

ભારતીય પ્રજાસત્તાકનો રાષ્ટ્રધ્વજ એ આડો તિરંગો અથવા ત્રણ રંગોવાળો ધ્વજ છે. તેમાં ઉપરનાં ભાગે ભગવો કે કેસરી રંગ, વચ્ચે સફેદ રંગ, અને નીચેનો ભાગ ઘેરો લીલો રંગ છે. પ્રમાણમાં તેઓ એકસરખા હોય છે. કેન્દ્રમાં સફેદ પટ્ટીમાં ધર્મચક્ર દર્શાવવા માટે આકાશી



ભૂરા રંગનું એક ચક્ર હોય છે. તે સારનાથનાં સિંહયુક્ત સ્તંભ પરથી લેવામાં આવ્યું છે. ધર્મ-કર્તવ્ય-નીતિનિયમનું એ પ્રતિક છે. એમાં ૨૪ આરા હોય છે. અને તેનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઇના યોગ્ય પ્રમાણમાં હોય છે.

કેસરી રંગ ત્યાગ અથવા અનાસક્તિનો ચૂસક છે. તે આપણને નિ:શ્વાર્થ ભાવે કામ કરતાં રહેવાની યાદ આપે છે. સફેદ રંગ પ્રકાશ અથવા સત્યના માર્ગનો સૂચક છે. લીલો રંગ વનસ્પતિ જીવન સાથેનાં સંબંધ દર્શાવે છે.

પિંગાલી વેન્કય્યાએ ભારતીય રાષ્ટ્રધ્વજની ડિઝાઇન તૈયાર કરી હતી.

આપણા રાષ્ટ્રધ્વજને આપણે સૌ માન આપીએ.